# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૪૭ તા.૨૩-૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :–પ્રાથમિક શાળાઓમાં " નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે" ઉજવવા બાબત.
સંદર્ભ :– એસએસએ/ગ.એ./ઈનેવેશન/૨૦૧૬/૩/૧૧૧૬–૧૧૮૭ તા.૭/૧/૨૦૧૭

આથી તમામ મ્યુનિસિપલ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે વર્ષ ૨૦૦૯ થી ૨૪ જાન્યુઆરીને" નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે" તરીકે ઉજવવામાં આવે છે. જે અન્વયે આપની શાળામાં તા.૨૪ અને ૨૫, જાન્યુઆરી, ૨૦૧૭ એમ ૨(બે)દિવસ " નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે" ઉજવવાનું આયોજન કરવાનું રહેશે. શાળાઓમાં આ દિવસ દરમ્યાન કરવાની થતી કન્યા અને કન્યા શિક્ષણના મહત્વ અંગેની સૂચિત પ્રવૃતિઓ નીચે મુજબ છે.

- દરેક શાળામાં આ દિવસના પ્રાર્થના સંમેલનમાં કન્યા શિક્ષણને મહત્વ મળે તે મુજબની પ્રવૃતિ
- શિક્ષકોના વર્ગ વ્યવહારમાં કન્યા શિક્ષણનું મહત્વ
- ગામની મહિલા જે શિક્ષણમાં / વ્યવસાયમાં સફળ છે તેનું સન્માન – અન્ય કન્યાઓનું પ્રેરણાસ્ત્રોત પુરો પાડી શકે.
- ચિત્ર સ્પર્ધા યોજવી – (કન્યા જન્મ અને શિક્ષણના સંદર્ભને ધ્યાને લઈને)
- જાતિય સંવેદનશીલતા પર આધારિત રમતો.
- કન્યા શિક્ષણ સંબંધિત વિવિધ ક્ષેત્રોમાં સફળ સ્ત્રીઓ અને તેઓના ક્ષેત્રોના વાતો તથા રોલ–પ્લે.

તા. ૨૩-૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી